રાજ્યના આદિજાતિ વિસ્તારમાં અનુસૂચિત જનજાતિના ખેડુતોને ઉદવહન સિંચાઈ પદ્ધતિ દ્વારા સિંચાઈ પુરી પાડવાની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા અંગે ઠરાવમાં સુધારો કરવા બાબત.

**ગુજરાત સરકાર**

**આદિજાતિ વિકાસ વિભાગ**

સુધારા ઠરાવ ક્રમાંક: TDD/EMR/e-file/25/2023/0208/P

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૪/૦૭/૨૦૨૩ નો સમાનાંકી ઠરાવ.

(૨) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, ગાંધીનગરનો તા.૦૨/૧૨/૨૦૨૩નો પત્ર ક્રમાંક: DSAG/0065/10/2023.

**પ્રસ્તાવના:**

ગુજરાત રાજ્યના આદિજાતિના વિસ્તારોમાં વોટરબોડીમાંથી અન્ડર ગ્રાઉન્ડ પાઈપલાઈન તથા નાની અને મધ્યકક્ષાની ઉદવહન સિંચાઈ યોજના મારફતે પાણી લિફ્ટ કરવામાં આવે તથા તેની સાથે સાથે સુક્ષ્મ સિંચાઈ પદ્ધતિ મારફતે સિંચાઈ કરવામાં આવે તો સિંચાઈના વિસ્તારમાં વધારો થઈ શકે અને આમ, આદિજાતિ ખેડૂતોનું જીવનધોરણ ઊંચુ આવે તે હેતુથી વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં આદિજાતિ જીલ્લાઓમાં અનુસૂચિત જનજાતિના ખેડુતોને ઉદ્ગવહન સિંચાઈ પદ્ધતિ દ્વારા સિંચાઈ પુરી પાડવા બાબત ઉક્ત વંચાણે લીધા ક્રમાંક(૧) પરના તારીખ: ૧૪/૦૭/૨૦૨૩ ના ઠરાવથી કુલ રકમ રૂ. ૭૫.૦૦ કરોડની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ)ના વંચાણે લીધા ક્રમાંક(૨) પરના પત્રથી પ્રસ્તુત યોજના બાબતે ક્ષેત્રીય કચેરીઓ તરફથી મળેલ અમલીકરણ બાબત સુધારાની રજૂઆતને આધારે કેટલાક સુધારા કરવા દરખાસ્ત કરેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**-: સુધારા ઠરાવ :-**

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યના આદિજાતિ વિસ્તારમાં અનુસૂચિત જનજાતિના ખેડુતોને ઉદવહન સિંચાઈ પદ્ધતિ દ્વારા સિંચાઈ પુરી પાડવા માટેની નવી બાબતના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક(૧) પરના ઠરાવમાં નીચે મુજબના સુધારા કરવામાં આવે છે.

| ક્રમ | આ વિભાગના તા: ૧૪/૦૭/૨૦૨૩ ના ઠરાવની હાલની જોગવાઈ | સુધારાની વિગત |
|---|---|---|
| ૧ | ૧. યોજના હેઠળ સાઈટ પસંદગી<br><br>યોજના હેઠળ સાઈટની પસંદગી અંતર્ગત ઓછામાં ઓછી ૫૦ હેક્ટર જમીનમાં સિંચાઈની સુવિધા ઉપલ્બધ થઈ શકે તે મુજબ સાઈટ પસંદગી કરવાની રહેશે. | ૧. યોજના હેઠળ સાઈટ પસંદગી<br><br>યોજના હેઠળ સાઈટની પસંદગી જ્યા ડુંગરાળ વિસ્તાર હોય ત્યાં ઓછામાં ઓછી ૧૫ હેક્ટર જમીનમાં સિંચાઈની સુવિધા ઉપલ્બધ થઈ શકે તે મુજબ સાઈટ પસંદગી કરવી અને બાકી ડુંગરાળ વિસ્તાર ન હોય તેવા કિસ્સાઓમાં ઓછામાં ઓછી ૫૦ હેક્ટર જમીનમાં સિંચાઈની સુવિધા ઉપલ્બધ થઈ શકે તે મુજબ સાઈટ પસંદગી કરવાની રહેશે. |

| | | |
|---|---|---|
| ૨ | **૨. યોજના હેઠળ પ્લાન એસ્ટીમેટ અને તાંત્રિક મંજુરી**<br><br>યોજના હેઠળ કામોના પ્લાન એસ્ટીમેટ અને તાંત્રિક મંજુરી વર્તમાન SOR મુજબ જે-તે જીલ્લાના કાર્યપાલક ઈજનેરશ્રી સિંચાઈ (પંચાયત/રાજ્ય) દ્વારા બનાવવાનું રહેશે તથા આ કામો માટે પ્રતિ વર્ષ ૩ % મેઈન્ટેનન્સ ખર્ચ લેખે પાંચ વર્ષ માટે કુલ ૧૫% મેઈન્ટેનન્સ ખર્ચ સાથેની દરખાસ્ત રજુ કરવાની રહેશે | **૨. યોજના હેઠળ પ્લાન એસ્ટીમેટ અને તાંત્રિક મંજુરી**<br><br>યોજના હેઠળના પ્લાન એસ્ટીમેટ અને તાંત્રિક મંજુરી વર્તમાન SOR મુજબ જે-તે જીલ્લાના કાર્યપાલક ઈજનેરશ્રી સિંચાઈ(પંચાયત/રાજ્ય) અથવા ગુજરાત વોટર રિસોર્સ ડેવલોપમેન્ટ કોર્પોરેશન(GWRDC) દ્વારા બનાવવાનું રહેશે. આ કામો માટે પ્રતિ વર્ષ 3% મેઈન્ટેનન્સ ખર્ચ લેખે પાંચ વર્ષ માટે કુલ ૧૫% મેઈન્ટેનન્સ ખર્ચ સાથેની દરખાસ્ત રજુ કરવાની રહેશે. |
| 3 | **૪. યોજનાનું અમલીકરણ**<br><br>યોજનાનું અમલીકરણ કાર્યપાલક ઈજનેરશ્રી સિંચાઈ (પંચાયત/રાજ્ય) દ્વારા કરવાનું રહેશે તથા ડી-સેગ દ્વારા આપવામાં આવતી વહીવટી મંજુરી અનુસાર પ્રોજેક્ટ/કામોની ગ્રાન્ટ (૧૫% મેઈન્ટેનન્સ બાદ કરતા) ડી-સેગ દ્વારા સંબધિત કાર્યપાલક ઈજનેરશ્રી સિંચાઈ(પંચાયત/રાજ્ય) ના હવાલે મુકવાની રહેશે તથા મેઈન્ટેનન્સ(જાળવણી)નો ખર્ચ કામ પૂર્ણ થયા બાદ તથા કોન્ટ્રાક્ટરનો મેઈટિનન્સ પિરયડ પૂર્ણ થયેથી ૦૫ વર્ષ ગણાશે. જે અંગેની ગ્રાન્ટ કુલ ૧૫% પૈકી દર વર્ષે 3% લેખે ૦૫ વર્ષ સુધી ડી-સેગ દ્વારા કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત સિંચાઈ(પંચાયત/રાજ્ય)ના હવાલે મુકવાની રહેશે તથા સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રી (પંચાયત/રાજ્ય)એ પ્રોજેક્ટ /કામોના માસિક પ્રગતિ અહેવાલ સંબંધિત સંકલિત આદિજાતિ વિકાસ પરિયોજના કચેરી તથા ડી-સેગને રજુ કરવાના રહેશે. આ યોજના અંતર્ગત ઉદ્વહન સિંચાઈ યોજના માટે થનાર ઓપરેશનલ ખર્ચ લાભાર્થીએ જાતે ભોગવવાનો રહેશે. | **૪. યોજનાનું અમલીકરણ**<br><br>યોજનાનું અમલીકરણ કાર્યપાલક ઈજનેરશ્રી સિંચાઈ (પંચાયતરાજ્ય)/ગુજરાત વોટર રિસોર્સ ડેવલોપમેન્ટ કોર્પોરેશન(GWRDC) દ્વારા કરવાનું રહેશે તથા ડી-સેગ દ્વારા આપવામાં આવતી વહીવટી મંજુરી અનુસાર પ્રોજેક્ટ/કામોની ગ્રાન્ટ ડી-સેગ દ્વારા જીલ્લાવાર વસ્તીના ધોરણે સંબધિત સંકલિત આદિજાતિ વિકાસ પરિયોજના કચેરીને હવાલે મુકવાની રહેશે તથા સંકલિત આદિજાતિ વિકાસ પરિયોજના કચેરી દ્વારા સંબધિત કાર્યપાલક ઈજનેરશ્રી સિંચાઈ (પંચાયત/રાજ્ય) /ગુજરાત વોટર રિસોર્સ ડેવલોપમેન્ટ કોર્પોરેશન(GWRDC)ના હવાલે મુકવાની રહેશે. તદુપરાંત મેઈન્ટેનન્સ (જાળવણી)નો ખર્ચ કામ પૂર્ણ થયા બાદ તથા કોન્ટ્રાક્ટરનો મેઈટિનન્સ પિરયડ પૂર્ણ થયેથી ૦૫ વર્ષ ગણાશે. જે અંગેની ગ્રાન્ટ કુલ ૧૫% પૈકી દર વર્ષે 3% લેખે ૦૫ વર્ષ સુધી સંકલિત આદિજાતિ વિકાસ પરિયોજના કચેરી દ્વારા કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત સિંચાઈ(પંચાયત/રાજ્ય)/ગુજરાત વોટર રિસોર્સ ડેવલોપમેન્ટ કોર્પોરેશન(GWRDC)ના હવાલે મુકવાની રહેશે તથા સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રી (પંચાયત/રાજ્ય)/ગુજરાત વોટર રિસોર્સ ડેવલોપમેન્ટ કોર્પોરેશન (GWRDC)એ પ્રોજેક્ટ તે કામોના માસિક પ્રગતિ અહેવાલ સંબધિત સંકલિત આદિજાતિ વિકાસ પરિયોજના કચેરી તથા ડી-સેગને રજુ કરવાના રહેશે. આ યોજના અંતર્ગત ઉદ્વહન સિંચાઈ યોજના માટે થનાર ઓપરેશનલ ખર્ચ લાભાર્થીએ જાતે ભોગવવાનો રહેશે. |

વધુમાં, વંચાણે લીધા ક્રમાંક(૧) પરના તા.૧૪/૦૭/૨૦૨૩ ના ઉક્ત ઠરાવમાં જ્યાં **કાર્યપાલક ઈજનેરશ્રી સિંચાઈ(પંચાયત/રાજ્ય)**” નો ઉલ્લેખ હોય ત્યાં “**કાર્યપાલક ઈજનેરશ્રી (પંચાયત/રાજ્ય)/ગુજરાત વોટર રિસોર્સ ડેવલોપમેન્ટ કોર્પોરેશન (GWRDC)**” એમ વંચાણે લેવાનું રહેશે તથા ઉક્ત ઠરાવની અન્ય તમામ શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Signature Not Verified
Signed by:Jaydevsinh K. Vaghela
Under Secretary
Date: 2023.12.28 11:09:47 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

જયદેવસિંહ વાઘેલા
ઉપસચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય ગાંધીનગર.
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, નવા સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(જળ સંપત્તિ), નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી (આ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, (આ.વિ.), આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી (ડી-સેગની કચેરી મારફત)
- સર્વે કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત/સિંચાઈ વિભાગ(ડી-સેગની કચેરી મારફત)
- ચેરમેનશ્રી, ગુજરાત વોટર રિસોર્સ ડેવલોપમેન્ટ કોર્પોરેશન(GWRDC)(ડી-સેગની કચેરી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી,ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- સીલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:Jaydevsinh K. Vaghela
Under Secretary
Date: 2023.12.28 11:09:47 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign